सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૩૦ જાન્યુઆરી ૨૦૧૧ અંક-૩

## વાલીઓને...... 'વાંચે ગુજરાત'

વાંચે ગુજરાતના અભિયાનનો સકારાત્મક પ્રભાવ વિદ્યાર્થીઓમાં પડયો છે તે આવકારદાયક ઘટના છે. અનેક વિદ્યાર્થીઓ આ અભિયાનને કારણે વાંચતા થયા છે.

એવું લાગતું હતું કે એક જમાનામાં મુન્શી, ધૂમકેતુ, રમણલાલ દેસાઈ, પનાલાલ પટેલ, જેવા લેખકો તેમજ રામાયણના પાત્રો, મહાભારતના પાત્રો, પંચતંત્ર, અકબર, જેવી નવલકથાઓ ઉપરાંત અન્ય ભાષામાંથી ભાષાંતર કરાયેલા મુન્શી પ્રેમચંદજી, ખાંડેકર, શરદબાબુ જેવા સાહિત્યકારોની નવલકથાઓનો જમાનો જાણે ચાલ્યો ગયો છે. વાંચવા માટેનો શૂન્યાવકાશ ઉભો થયો છે અને ટીવીને આ માટે જવાબદાર લેખાવા લાગ્યું. પરંતુ આ અભિયાનથી વાંચન પ્રવૃતિ વધશે તેવો વિશ્વાસ પેદા થયો છે. આથી કરીને થોડા પુસ્તકોનું માર્ગદર્શન ઉપયોગી બનશે.

દસ બાર વર્ષની ઉમરના બાળકોને રામાયણના પાત્રો, મહાભારતના પાત્રો જેવી પુસ્તિકાઓ ( નાનાભાઈ ભટ્ટ ) જરુર ગમશે, સાથે સાથે પંચતંત્ર, બત્રીસ પુતળીની વાર્તાઓ, અકબર બીરબલ જેવી રસપ્રદ વાર્તાઓ તેમનામાં આગળ ઉપર વાંચવા માટે વલણ ઉભું કરશે. ચંદ્રલોકમાં, પૃથ્વીની ૮૦ દિવસની પ્રદક્ષિણા, સાહસિકોની સૃષ્ટિ જેવી જૂલેવર્નની ભાષાંતર પામેલી વિજ્ઞાન કથાઓ તેમને જરૂર આનંદ આપશે.

આગળ વધીને તેઓને કાકાસાહેબની સ્મરણયાત્રા, હિમાલયનો પ્રવાસ જેવા વર્ણનોમાં રસ પડશે. સુંદરમ્‌નું દક્ષિણાયન પણ સુંદર પ્રવાસયાત્રાનું ખૂબ રસપ્રદ પ્રવાસ વર્ણન છે.

માત્ર જૂનુ સાહિત્ય નહી પરંતુ રસ પડે તેવા નવા પ્રકાશનો, પ્રવાસ વર્ણનના પણ છેલ્લા વર્ષોમાં ઠીકઠીક પ્રાપ્ત થયા છે. અમૃતલાલ વેગડની નર્મદાની પરિક્રમાના બે પુસ્તકો હાથમાં લીધા પછી પૂરા કરવાની તાલાવેલી લાગે તેવા છે.જેમને વાંચનમાં રસ ઉભો થાય પછી ધ્રુવ ભટ્ટના 'સમુદ્રાંતિકે', 'અકુપાર', 'અતરાપી' જેવા પુસ્તકો વાંચવાનો પ્રયત્ન કરે.

ગુણવંત શાહની આગવી સાહિત્ય શૈલીમાં એક વાર સૌ કેળવાય પછી છોડવા ગમે તેવા નથી. હરેન્દ્ર દવે, સુરેશ દલાલ જેવા લબ્ધ પ્રતિષ્ઠિત લેખકોના પુસ્તકો આધુનિક ગુજરાતી સાહિત્યની સુવાસ આપે છે.

પુસ્તકો ઉપરાંત હવે અખબારોમાં સમાચાર ઉપરાંત પૂર્તિમાં વાંચવા લાયક ખૂબ જ સરસ કોલમો આવતા હોય છે. હરીફાઈને કારણે દરેક અખબારો ઉત્તમ લેખો આપવાનો પ્રયત્ન કરતા હોય છે. જેમાં પ્રવાસ વર્ણનો, હાસ્ય લેખો, બોધકથાઓ ઉપરાંત વિજ્ઞાન વગેરેની સારી એવી માહિતી હોય છે. જે ખૂબ જ રસપ્રદ પણ હોય છે. આ બધાને કારણે વાંચવા માટેનું વલણ અનાયાસે ઉભું થાય છે. વાંચે ગુજરાતની આડપેદાશ સારા પરિણામ લાવશે તેવી આશા ઉભી થાય છે.

દિનુભાઈ દવે

## સ્મૃતિચિત્રો

એક માસ કરતા પણ વધુ સમયનો દક્ષિણ ભારતનો પ્રવાસ કરીને અમે મુંબઈ આવ્યા ત્યારે જલ્દી ઘેર પહોંચવાનો અને સ્વજનનોને મળવાનો ઉત્સાહ હતો. આવતાવેંત મેં મુંબઈ સેન્ટ્રલના સ્ટેશન માસ્તરને તે દિવસની સાંજે ગુજરાત મેલમાં અમારા એપ્રુવ કરેલા રેલ્વેના કાર્યક્રમ મુજબનો મેમો આપ્યો અને મુંબઈ સાઈટસીન જોવા માટે અમે નીકળી ગયા.

સાંજે પાછા આવ્યા ત્યારે સ્ટેશન માસ્તરને મેં અમારો રેલ્વેનો ડબ્બો ટ્રેક સાથે જોડાયો છે કે કેમ તે અંગે પૂછયું, ત્યારે તેમણે આઘાતજનક જવાબ આપ્યો કે ગુજરાત મેલમાં એક્સ્ટ્રા ડબ્બો લગાડી શકાય નહિ એટલે તમારો ડબ્બો આવતી કાલે સવારે એકસપ્રેસમાં લગાડાશે.

૬૦ કરતાં પણ વધુ બાળકોને ઓચિંતા જ મુંબઈ રાત રહેવાની સગવડ કેવી રીતે થઈ શકે તેની મને ચિંતા થઈ અને મારી મૂંઝવણ મેં તેમને જણાવી. પણ તેમનો જવાબ એક જ હતો કે ગુજરાત મેલમાં એક્સ્ટ્રા ડબ્બો ન લાગી શકે. કાર્યક્રમ પ્રમાણે રેલ્વેએ એ મંજૂરી આપી હતી તે દલીલ નકામી નીકળી.

તપાસ કરતાં મને ખબર પડી કે ચીફ ઓપરેટીંગ સુપ્રિન્ટેન્ડેન્ટ નજીકમાં જ રેલ્વે ક્વાર્ટસમાં રહે છે એટલે હું ત્યાં ગયો અને તેમને મારી મૂંઝવણ જણાવી ચીફ ઓપરેટીંગ સુપ્રિન્ટેન્ડન્ટ માવાવાલા એક સજ્જન વ્યક્તિત્વ ધરાવતા જોઈને મેં તેમની સાથે થોડી ચર્ચા કરી પરંતુ ગુજરાત મેલમાં એક્સ્ટ્રા ડબ્બો ન લગાડી શકાય તેવું તેમણે પણ જણાવ્યું. મેં તેમને જણાવ્યું કે મારી પાસે ૧૦ વર્ષથી ૧૬ વર્ષની ઉંમરના વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ છે અને મુંબઈ જેવા શહેરમાં એકાએક તેમને રાખવાની સગવડ કેવી રીતે થઈ શકે તે મારો ઉચાટ તેમની પાસે વ્યક્ત કર્યો.આ બાળકોની સુરક્ષિતતાનો પ્રશ્ન પણ ઉભો થાય અને આ બધું રેલ્વેએ મંજૂર કરેલા કાર્યક્રમ મુજબ જ્યારે ડબ્બો લગાડવાની અમને મંજૂરી આપી હતી ત્યારે આ અંગે વિચાર કરવા માટે અને સહકાર આપવા માટે મેં તેમને વિનંતી કરી, મને આનંદ થયો કે મારી આ વાત એ સજ્જનના ગળે ઉતરી ગઈ. તેઓ ઉભા થઈને તૈયાર થયા અને મારી સાથે સ્ટેશન ઉપર આવ્યા અને સ્ટેશન માસ્તરને સૂચના આપી કે આ પાર્ટીનો ડબ્બો પરેલથી લાવીને તાત્કાલિક ગુજરાત મેલમાં જોડી દો. સૌ બાળકો આનંદથી નાચી ઉઠયા. અમે કાર્યક્રમ મુજબ ગુજરાત મેલમાં આનંદપૂર્વક અમદાવાદ બીજી સવારે આવી પહોંચ્યા.

દિનુભાઈ દવે

સ્વરાજ પછી શિક્ષણનું આખું માળખું પણ ઘરમૂળથી બદલાવું જોઈતું હતું. પણ આપણે ત્યાં મેકોલેના શિક્ષણને બઢતી આપવામાં આવી તેથી આઝાદ હિંદના શિક્ષણમાં આઝાદીની સૌરભ પ્રવેશી શકી નહીં. આજકાલ જે સુધારાની ચર્ચાઓ છે તેમાં અમીર-ગરીબ વચ્ચેની ખાઈ વધુ ઉંડી જશે. સમાજમાં વ્યક્તિ પોતાના સ્વાર્થની ઉપર ઉઠી સમાજ કે દેશને માટે કાંઈ કરતી થાય એવું કશું એમાં નથી. ગળાકાપ હરીફાઈ, લાલચ અને ભયને પોષે એવું આ શિક્ષણ છે. વિદ્વતા અને કટ્ટરતા એક જ વ્યક્તિમાં રહી શકે છે.

(શરીફા વીજળીવાળાની શ્રી નારાયણભાઈ દેસાઈ સાથેની વાતચીતનો અંશ)

## 'બાળકને ભણવું જ ન ગમે તે માટે જવાબદાર કોણ?'

'બેન ! એક વાત પૂછું ?'

'પૂછોને એમાં આમ મૂંઝાવ છો શું કામ ?'

'પણ બેન...એવું છે ને ... તમે આ છોકરાંઓની બે બે પરીક્ષાઓ એક જ દિવસે રાખો છો તે છોકરાં બિચારા અડધાં થઈ જાય છે, એકસામટું એટલું વાંચે ય કેવી રીતે ને એટલું યાદ પણ કેવી રીતે રાખે ? ... રોજનું એક પેપર રાખતાં હો તો છોકરાં કેવી સરસ રીતે પરીક્ષા આપી શકે ! અને વળી પરીક્ષામાં માર્કસ્ પણ સારાં આવે... આ તો ટેન્શનનો કોઈ પાર નહીં ને કશું ય ઠેકાણું પડે નહીં'

'બેન ! તે તમારા બાળકો રોજ નિયમિત રીતે ભણતાં નથી ? રોજેરોજ વર્ગમાં નિયમિત રીતે ભણતા હોય, ઘરકામ વ્યવસ્થિત કરતાં હોય, પરીક્ષાનો કાર્યક્રમ આપ્યા પછી આયોજન મુજબ રીવીઝન એકાદ બે વાર થઈ ગયું હોય પછી કંઈ છેલ્લે દિવસે બધું વાંચવાની કે ગોખવાની જરૂર ઓછી જ પડે છે !.. છોકરાં ટી.વી. પર એકાદ એડ કે સીરીયલ જુએ છે તે ય તેમને કેવી યાદ રહી જાય છે ! તો આ તેમને કેમ છેલ્લે દિવસે ગોખવું પડે ? તમે માબાપ પરીક્ષાનો આટલો 'હાઉ' બાળકોમાં કેમ ઉભો કરો છો ?'

'ના બેન એવું નહીં પણ હવે છોકરાં અમે ભણાવવા ન બેસીએ તો ભણતાં જ નથી, તમે માનશો ? સ્કૂલમાંથી આવતાં જ દફતર છૂટું ફેંકે છે...અને પૂછીએ કે 'શું ઘરકામ આપ્યું છે ?' તો માંડ માંડ તો જવાબ મળે. બીજે દિવસે નોટ જોઈએ તો એમાં બેનની રીમાર્ક આવી હોય, 'વર્ગમાં વાતો કરે છે, વર્ગમાં પૂરું લખતાં નથી. લેસન અધૂરું હોય છે..' હવે કરવું શું એ જ સમજાતું નથી.. અને બેન ! એના અક્ષર તો જોયા છે ? ગુજરાતીમાં ય જાણે ત્રીજી ચોથી એબીસીડીમાં લખ્યાં હોય એવા ગરબડીયાં.. બેન ! બાલમંદિરમાં હતો ત્યારે તો સુલેખનમાં તેને ઈનામ મળ્યું હતું અને હવે શી ખબર શું થયું છે તે જ ખબર પડતી નથી... મને તો અવી ચિંતા થાય છે, આની ગાડી પાટા પર ચડાવવી કેવી રીતે ?..બેન ! તમે કહો તે કરવા તૈયાર છું પણ આને ઠેકાણે લાવી આપો.. એને ભણવું ગમે એવો કંઈક રસ્તો બતાવો...'

રસ્તો તો બતાવું...પણ તમે માનશો ખરાં ? બાળક પાંચ છ કલાક વર્ગમાં ભણી ભણીને થાકયું હોય, ઘંટ વાગે ને બહાર આનંદભેર દોડતું આવે, એને એમ હોય'હમણાં મમ્મી મને વહાલ કરશે', એને બદલે તમે તો એના દફતરમાંથી પેલી નોટો ઝૂંટવીને કાઢો છો ને ત્યાં ને ત્યાં જ જોવા બેસી જાવ છો, બીજા છોકરાંઓની નોટો સાથે સરખાવવા માંડો છો, શું લખ્યું ને શું બાકી રહ્યું...અને એમાંય બાકી રહ્યું હોય તો તો આવી જ બન્યું, નાજુક ગાલ પર થપ્પડ પડી જ હોય ને ! એ બાળકને ભણવા તરફ અણગમો ન થાય ! ટીચર લખાવે તે લખવું જરૂર જોઈએ પણ બોર્ડ પર લખેલા બધાં જ કંઈ બ્રહ્મવાકયો નથી હોતાં કે કંઈ રહી જાય તો આભ તૂટી પડે.. તમે તો શિક્ષિત મા છો, એ જ વસ્તુ જાતે ય શીખવી શકોને ! છોકરાંઓને ભણવું જ ન ગમે એવું વાતાવરણ તો આપણે જ ઉભું કરીએ છીએ અને પછી ફરીયાદ કરીએ છીએ, છોકરાં ભણતાં નથી બેન ! સાચું કહું, પરીક્ષાનાં માર્કસ્ એ છોકરાંની હોંશીયારી માપવાની પારાશીશી ઓછી જ છે !...એના બાળપણની નિજાનંદની મસ્તી છીનવી લેવાનો આપણને શો અધિકાર છે ? બેન ! એ ગયેલું બાળપણ પાછું આવવાનું છે ?

હમણાં જ શિશુમંદિરની સુગમ સંગીતની સ્પર્ધા હતી. શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીની શ્રી પીકોલાબેન નિર્ણાયક તરીકે આવ્યાં હતાં, શાળામાં આવતાં જ એટલા ભાવુક બની ગયાં, મુ.પ્રતિમાબેનની ચરણરજ લીધી ને ભાવપૂર્વક કહે, 'બેન! તમે અને રમણભાઈએ અમારામાં રેડેલાં સંગીતના સંસ્કારે તો અમારા જીવનને ધન્ય કરી નાંખ્યું છે..આખી ય સ્પર્ધા દરમ્યાન તેમનાં મોં પર તેમના બાળપણની મીઠી સ્મૃતિઓ સ્પષ્ટપણે વરતાતી હતી અને છેલ્લે તેમને એકાદ ગીત સંભળાવવા કહયું ત્યારે પણ તેમણે હૃદયનાં એ જ ભાવ સાથે 'એ દોલત ભી લે લો.. મુઝે મેરા બચપન લોટા દો..' ભણવાનાં ને પરીક્ષાનાં માર્કસ્ કરતાં વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ, પ્રસન્ન,ખિલતું ઉછળતું કિલ્લોતું બાળપણ છિનવાઈ ન જાય તો બાળકને આપોઆપ ભણવાનું ગમશે, કારણ ઈશ્વરે એને ય જીજ્ઞાસાવૃત્તિ આપી છે એને ય નવું નવું જાણવું ગમે છે, મન થાય છે અને એને ય 'અહમ્' છે એટલે આગળ આવવાની અને નામ મેળવવાની તો એને ય ઈચ્છા હોય છે જ, આપણે માબાપોએ એ માટે જરાય અધીરા થવાની કયાંય જરૂર નથી... આપણે વાલી નહીં, માત્ર માળી જ બનીએ તો કદાચ વધુ સારું પરિણામ આવી શકે... અને એટલે જ હું માબાપને સતત કહું છું કે આપણે મહેનત કરીએ તો જ બાળક ભણે એવા ભ્રમમાં મહાલવાને બદલે 'નડો મા'....

**ઊર્મિલા શાહ**

### સંસ્થાનું ગૌરવ :

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી **ડૉ.મંજુલ જોશીપુરા**ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એડવાઈઝર પદે નીમવામાં આવ્યા છે. આ માટે સંસ્થા ડૉ.મંજુલ જોશીપુરાને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શારદામંદિર એલમ્ની એસોસીએશનના સેક્રેટરી **ભાઈ જૈનિક વકીલ** મ્યુ.કોર્પોરેશનની તાજેતરની ચૂંટણીમાં જંગી બહુમતીથી વિજયી બન્યા છે. ૨૦૧૦ થી ૨૦૧૫ સુધી મ્યુ.કાઉન્સેલર તરીકે ચૂંટાયેલા તેઓ એક માત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેમની યશસ્વી કારકીર્દિ માટે સંસ્થા તરફથી શુભેચ્છા પાઠવવવામાં આવે છે અને આ વિજય બદલ અભિનંદન પાઠવતા આનંદ અનુભવે છે.

શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની **ચિ.આશ્કા પ્રશાંતભાઈ વોરા**એ નિરમા યુનિવર્સીટીમાં ઈન્સ્ટીટયુટ ઓફ લો માં બી.એ. એલ.એલ.બી. (ઓનર્સ)ના પ્રથમ વર્ષમાં સુવર્ણચંદ્રક મેળવ્યો છે તે માટે તેમને ધન્યવાદ.

શારદામંદિર મોડર્ન સ્કુલનો **ચિ.અમન કોઠારી** વકતૃત્વ ક્ષેત્રે ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરતો જ રહે છે. રોટરી કલબની ઈન્ટર સ્કુલ વકતૃત્વ સ્પર્ધામાં દ્વિતીય, ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી યોજાયેલ સ્પર્ધામાં પ્રથમ નંબર, આઈ.આઈ.એમ.માં 'સાત્વિક ગુજરાત' નિમિત્તે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં પણ પ્રથમ સ્થાન મેળવી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

ગુજરાત સાહિત્ય પરિષદના ઉપક્રમે 'મારું પ્રિય પુસ્તક' વિષય પર યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં ધો.૯માં **નાયક તુલા**ને પ્રથમ, ધો.૮માં **શાહ આયુષી**ને દ્વિતીય, ધો.૭માં **શાહ રાજ**ને ત્રીજું અને અંગ્રેજી માધ્યમના **અમન કોઠારી**ને પ્રથમ ઈનામ મળ્યું છે અને શાળાને વિવિધ ટ્રોફી મળી છે.

### માબાપ સાથે ગોષ્ઠી :

**સંસ્થાના કૉ-ઓર્ડિનેટર ડૉ.ઊર્મિલાબેન શાહનું નવું પુસ્તક 'માબાપ સાથે ગોષ્ઠી' તાજેતરમાં પ્રકાશીત થયું છે. મુ.દિનુભાઈને અર્પણ કરેલ આ પુસ્તક માબાપને બાળઉછેર માટે ખૂબ માર્ગદર્શન આપે તેવું પુસ્તક છે.તેમની આ શૈક્ષણીક શ્રેણીએ શિક્ષણના ક્ષેત્રે સૌને રસ લેતા કર્યા છે તેની નોંધ લેતા આનંદ થાય છે.**

### ગરબા મહોત્સવ :

તા.૧૪-૧૦-૧૦ને ગુરુવારે સાંજે સાત વાગે શારદામંદિરનું આખું ય પ્રાંગણ એક જુદા જ માહોલથી છવાઈ ગયું. માતાજીના 'કુંકુમના પગલા

પડયાં' થી ગરબાનો પ્રારંભ થયો અને એક પછી એક ગરબા રંગમંચ પર આવતાં ગયાં.

માતૃભાષા ગુજરાતીનાં રક્ષણ માટે જેમ અભિયાન શરૂ કર્યું છે તેવું જ અભિયાન અમે ગુજરાતનો ગરબો ટકાવી રાખવાનું કર્યું છે અને જૂના ઢાળના ગરબા પણ લીધા.

પહેલા બીજા ધોરણની છોકરીઓએ રંગબેરંગી ચણીયાચોળી, ઓઢણીમાં સજ્જ થઈ સ્ટેજ પર 'માનો ગરબો રે' અને 'મોરલી તો ચાલી રંગરૂસણે રે' રજૂ કર્યા ત્યારે લાગ્યું કે આ સંસ્કાર એમને ગળથૂથીમાંથી તો મળ્યાં છે.

બીજો ગરબો 'કૂંચી આપો બાઈજી' એક વિશિષ્ટ અને અવિસ્મરણીય છાપ મૂકી ગયો. કવિશ્રી વિનોદ જોષી લિખિત આ ગરબાનું સ્વર નિયોજન શારદામંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈશ્રી **અમરભાઈ ભટ્ટે** કર્યું હતું તેને સ્વર આપ્યો હતો અમારી જ ભૂતપૂર્વ વિદ્યાર્થીની બહેન **અનાર શાહ** અને ગરબાનું કોમ્પોઝીશન, કોરીયોગ્રાફી કરી ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને અત્યારની મોડર્ન સ્કૂલની શિક્ષિકા બહેન **અનિશા પંચાલ**.. સ્ત્રીના હૃદયના ભાવને ખૂબ ઋજુતાપૂર્ણ અને સંવેદનશીલતા સાથે ભાવવાહી શૈલીમાં આ એવી રજૂઆત હતી કે તે કયારેય સ્મૃતિપટ પરથી ખસે નહીં અને હૃદયમાંથી 'વાહ'ના ઉદ્‌ગાર સરી પડયાં...

બેડાનો ગરબો, દાંડિયા રાસ, કેટલા ગરબા યાદ કરીએ ! ને કેટલા ભૂલીએ ! 'વિસરાતા સૂરને' કયારેક ફરી ફરીને માણવા ગમે છે તેમ ભૂલાતા ગરબાને ફરી યાદ કરીને જાણે ફરી એક નવો જ માહોલ ઉભો કર્યો.

## સંસ્થાકીય સમાચાર

### બાલવાડી

તા.૧૦-૧૨-૧૦ના રોજ 'સિંહનો પડયો વટ' નાટક બહેનો દ્વારા બાળકો સમક્ષ રજૂ કર્યું. તા.૨૪-૧૨-૧૦ના રોજ નાતાલની ઉજવણી કરી. તા.૩૧-૧૨-૧૦ના રોજ દલાતરવાડીની વાર્તા બહેનો દ્વારા પપેટ દ્વારા રજૂ કરી.

### બાલમંદિર

તા.૧-૧૦-૧૦ને શુક્રવારે બાળકોને ગાંધી જયંતિ નિમિત્તે ગાંધીજીનું પ્રિય ભજન 'વૈષ્ણવ જન તો તેને કહીએ'' તથા બીજા ભજનો ગાયા. તા.૯-૧૦-૧૦ને શનીવારે નવરાત્રિ મહોત્સવ નિમિત્તે ગરબાનો કાર્યક્રમ યોજાયો.

તા.૨૩-૧૧-૧૦ને મંગળવારના રોજ 'ભૂંડી ઉંદરડી' નું પપેટ નિહાળવાની બાળકોને ખૂબ મજા આવી. તા.૧૦-૧૨-૧૦ને શુક્રવારે 'બકરી અને વરૂ' નાટક બાળકોએ નિહાળ્યું.

તા.૨૪-૧૨-૧૦ના રોજ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી. ચિ.રૂદ્રભાઈ, મોક્ષભાઈ તથા જૈનિલભાઈએ સાંતાકલોઝ બની સુંદર અભિનય સાથે ગીતો ગાઈ બાળકોને ભેટ આપી.

### શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**નંદાવર્ત સાથિયો :** તા.૨૨-૯-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | રિશિ શાહ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | શૈલી શાહ | ( ધવલગિરિ ) |
| | ધનશ્રી શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | દ્રષ્ટિ શાહ | ( ધવલગિરિ ) |
| | અક્ષત શાહ | ( ધવલગિરિ ) |

**ગણેશમૂર્તિ :** તા.૨૨-૯-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | ત્વરિત પંચોલી | ( રત્નદીપ ) |
| દ્વિતીય | નૂપુર મહેતા | ( ગંગોત્રી ) |
| | કશ્યપ ગોહેલ | ( ધવલગિરિ ) |
| તૃતીય | પંક્તિ આયર | ( ગંગોત્રી ) |

**આરતી સ્પર્ધા :** તા.૨૧-૧૦-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | આશના અગ્રવાલ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | બ્રિન્દા પટેલ | ( ગંગોત્રી ) |
| | ત્વરિત પંચોલી | ( રત્નદીપ ) |
| તૃતીય | ગ્રેસી પટેલ | ( ધવલગિરિ ) |

**તોરણ સ્પર્ધા :** તા.૨૧-૧૦-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | જૈનાક્ષી ભાવસાર | ( મેઘનાદ ) |
| દ્વિતીય | પંક્તિ આયર | ( ગંગોત્રી ) |
| | ખુશી રાવલ | ( રત્નદીપ ) |
| તૃતીય | ક્રિશ્રા ઠાકર | ( ગંગોત્રી ) |

**રંગોળી સ્પર્ધા :** તા.૨૮-૧૦-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | ખુશ્બુ ઠાકર | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | ચાંદની પટેલ | ( ગંગોત્રી ) |
| | સ્તુતિ શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | યશ શાહ | ( મેઘનાદ ) |
| | ધ્વનિ શુક્લ | ( રત્નદીપ ) |

**અભિનંદન કાર્ડ સ્પર્ધા :** તા.૨૮-૧૦-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | દ્રષ્ટિ શાહ | ( ધવલગિરિ ) |
| દ્વિતીય | ધનશ્રી શાહ | ( ગંગોત્રી ) |

**સુગમ સંગીત સ્પર્ધા :** તા.૧૯-૧૨-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | નૂપુર મહેતા | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | ક્રિશા શાહ | ( મેઘનાદ ) |
| | કશ્યપ ગોહેલ | ( ધવલગિરિ ) |
| તૃતીય | જૈની શાહ | ( ધવલગિરિ ) |
| | જલવિની મહેતા | ( મેઘનાદ ) |

**ત્રણેય વિભાગની સુગમ સંગીત સ્પર્ધામાં ચિ.ધ્યેય ત્રિવેદી (ધો.૬) એ તબલાની સંગત ખૂબ સરસ રીતે આપી તે માટે તેને ખૂબ ધન્યવાદ.**

**ગુજરાતી વાંચન સ્પર્ધા :** તા.૧-૧૨-૧૦

પ્રથમ - જોય પટેલ ૭ બ, દ્વિતીય- ખુશ્બુ ઠાકર,જલવિની મહેતા ૬ અ, પરિતોષ યાજ્ઞિક ૬ બ, તૃતીય- જૈની શાહ ૭ અ, દર્શન કાટવા ૭ બ,ધૈર્યા ઠક્કર- ૫ અ

તા.૨૩-૧૦-૧૦ના રોજ ધો.૩ ને ધો.૪ માટે દાંડિયા શણગારવાની સ્પર્ધા યોજાઈ. તા.૨૭-૧૦-૧૦ના રોજ ધો.૩ અને ધો.૪ માટે અભિનંદન કાર્ડ બનાવવાની સ્પર્ધા યોજાઈ. તા.૧-૧૨-૧૦ના રોજ ધો.૩ અને ધો.૪ માટે વાંચન સ્પર્ધા યોજાઈ. તા.૨૮-૧૧-૧૦ના રોજ દિવાળીની રજાઓમાં બનાવેલા પ્રોજેકટનું પ્રદર્શન યોજવામાં આવ્યું.

### Shardamandir Modern School

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

તા.૨૬-૧૦-૧૦ના રોજ ધો.૩ અને ધો.૪ ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે કોડિયા શણગારવાની સ્પર્ધા યોજાઈ.

તા.૨૯-૧૦-૧૦ના રોજ ધો.૫-૬-૭ માટે અભિનંદન કાર્ડ સ્પર્ધા યોજાઈ. જેમાં ધો.૫માં પ્રથમ યેશા પટેલ, દ્વિતીય દેશના શાહ તૃતીય

સ્તુતિ શાહ અને ડિન્કી જાની આવ્યા.ધો.૬માં પ્રથમ ધ્રુમિ શાહ, દ્વિતીય પ્રિયલ શાહ અને તૃતીય રિધ્ધિ શાહ તથા નિજલ મહેતા આવ્યા. ધો.૭માં પ્રથમ શ્રુતિ શાહ, દ્વિતીય રોહન શાહ, શૈલ રાવલ અને તૃતીય નિકેશ કોઠારી અને ખુશાલી શાહ આવ્યા.

તા.૩ અને ૪ ડિસેમ્બરના રોજ, દિવાળી વેકેશન દરમ્યાન બનાવેલ પ્રોજેક્ટનું અને ક્રાફ્ટવર્કનું પ્રદર્શન અને વિજ્ઞાનના પ્રયોગોનું પ્રદર્શન યોજાયું.

**ગુજરાતી વાંચન સ્પર્ધા :** તા.૨૨-૧૦-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | નિનાદ બુચ | ( અમલતાસ ) |
| દ્વિતીય | ભાષા શાહ | ( પલાશ ) |
| | શ્રુતિ શાહ | ( પારિજાત ) |
| તૃતીય | નીલ મોદી | ( પારિજાત ) |

**નિર્ણાયક તરીકે શ્રી પૌલોમીબેન શાહે સેવા આપી.**

**રંગોળી સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | ભાષા શાહ | ( પલાશ ) |
| દ્વિતીય | રાજ સાગર | ( પલાશ ) |
| | શિવાની શાહ | ( પારિજાત ) |
| તૃતીય | જુલી ચોકસી | ( અમલતાસ ) |
| | કુંજલ બ્રહ્મભટ્ટ | ( પારિજાત ) |
| | આયુષી ભગત | ( કદંબ ) |

**નિબંધ સ્પર્ધા :** તા.૨૧-૧૨-૧૦

| | | | |
|---|---|---|---|
| અંગ્રેજી | પ્રથમ | વૈશલ શાહ | ( અમલતાસ ) |
| | દ્વિતીય | નિકેશ કોઠારી | ( પારિજાત ) |
| | | મનન જોશી | ( અમલતાસ ) |
| | તૃતીય | અનુરાગ દલાલ | ( પારિજાત ) |
| | | નંદિશ ભગત | ( પલાશ ) |
| ગુજરાતી | પ્રથમ | સાગર શાહ | ( અમલતાસ ) |
| | દ્વિતીય | તુલસી મહેતા | ( પારિજાત ) |
| | | કુંજલ બ્રહ્મભટ્ટ | ( પારિજાત ) |
| | તૃતીય | ફલક પંડિત | ( પલાશ ) |
| | | કિશન પટેલ | ( કદંબ ) |
| | | ડિન્કી જાની | ( પલાશ ) |
| હિન્દી | પ્રથમ | રુચિર બુચ | ( પલાશ ) |
| | દ્વિતીય | શ્રુતિ શાહ | ( પારિજાત ) |
| | | લવ પટેલ | ( કદંબ ) |
| | તૃતીય | મહિમા નામા | ( પલાશ ) |
| | | મિહિર ત્રિવેદી | ( અમલતાસ ) |

**સુગમ સંગીત સ્પર્ધા** તા.૨૨-૧૨-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | નિનાદ બુચ | (અમલતાસ) |
| દ્વિતીય | અપૂર્વ ઉપાધ્યાય | (કદંબ) |
| | દેશના શાહ | (અમલતાસ) |
| તૃતીય | ધન્વી શાહ | (કદંબ) |

**નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને સંગીતજ્ઞ શ્રી પિકોલાબેને સેવા આપી.**

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**Quiz Competition :** તા.૧૪-૮-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | મેઘદૂત | ૬૫ પોઈન્ટ |
| દ્વિતીય | પદ્મપુકુર | ૫૫ પોઈન્ટ |
| તૃતીય | ચંદ્રમૌલિ | ૪૦ પોઈન્ટ |

**નંદાવર્ત સાથિયા સ્પર્ધા :** તા.૨૧-૮-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | હેત્વી દેસાઈ | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | સૃષ્ટિ ઠક્કર | ( મેઘદૂત ) |
| | બિરવા શાહ | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | ચાંદની અદાણી | ( ચંદ્રમૌલિ ) |
| | શિલ્વી શાહ | ( ગીતગોવિંદ ) |

**ગણેશમૂર્તિ :** તા.૨૧-૮-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | ધર્મિલ દેસાઈ | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | વૃષા ત્રિવેદી | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | કથન ગોસલીયા | ( ગીતગોવિદ ) |

**સુગમ સંગીત સ્પર્ધા :**

| | | |
|---|---|---|
| પ્રથમ | આયુષી શાહ | ( મેઘદૂત ) |
| દ્વિતીય | પ્રિયાંશી ઠક્કર | ( ગીતગોવિંદ ) |
| | અનેરી પટેલ | ( મેઘદૂત ) |
| તૃતીય | ત્વિષા ઓઝા | ( મેઘદૂત ) |

**પંચાજીરી સ્પર્ધા :** તા.૩૦-૮-૧૦

| | | | |
|---|---|---|---|
| ડેકોરેશન | પ્રથમ | માનસી પરીખ | ( ચંદ્રમૌલિ ) |
| | દ્વિતીય | નેન પટેલ | ( મેઘદૂત ) |
| | | નિશિ શાહ | ( ગીતગોવિંદ ) |
| | તૃતીય | ખુશ્બુ પારેખ | ( મેઘદૂત ) |
| સ્વાદ | પ્રથમ | ખુશ્બુ પારેખ | ( મેઘદૂત ) |
| | દ્વિતીય | માનસી પરીખ | ( ચંદ્રમૌલિ ) |
| | તૃતીય | ધ્રુમિ કોન્ટ્રાક્ટર | ( ચંદ્રમૌલિ ) |

**પારણા સ્પર્ધા :** તા.૩૦-૮-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | મૌર્ય શાહ | ( મેઘદૂત ) |
| દ્વિતીય | રીતી પંચોલી | ( પદ્મપુકુર ) |
| | વિદિશા શાહ | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | ઉપાસ્તિ પંચાલ | ( પદ્મપુકુર ) |

## વિદ્યાર્થી ગૌરવદિન તા.૨૧-૧-૧૧

બાલપૂજન કરવામાં આવશે અને જે વિદ્યાર્થીઓને વિવિધ પારિતોષિક પ્રાપ્ત થયા હોય તેવા વિદ્યાર્થીઓનું તેમજ નીચે જણાવ્યા મુજબ ત્રણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું તેમની વિશિષ્ટ સિધ્ધિ બદલ સન્માન કરવામાં આવશે. સમય સવારે ૯

આ ત્રણ વિદ્યાર્થીઓ

(૧) **ડૉ. મંજૂલ જોશીપુરા** **( જાણીતા ઓર્થોપેડીક સર્જન )**

(૨) **શ્રી કાર્તિકેય શોધન** **( આર્કીટેક્ટ )**

(૩) **કુમારી વૈશાલી ત્રિવેદી** **(લલિતકલા)**

આ પ્રસંગે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના કારોબારી સભ્ય તેમજ એરોમા હાઈસ્કુલના આચાર્યશ્રી **શ્રી ભાસ્કરભાઈ રાવજીભાઈ પટેલ** અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે અને સૌનું સન્માન તેમના હાથે કરવામાં આવશે.

**શ્રદ્ધાંજલિ :** સંસ્થાના વિદ્યાર્થિની બેન નિયતિના અકાળ અવસાનના સમાચાર જાણી સંસ્થા દુઃખની લાગણી અનુભવે છે. સદ્‌ગતના આત્માને ઈશ્વર પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭. Fax : 079 26622480
EMAIL : sharda.mandir@yahoo.com